Aapdu Surat

# મારી કલમે

# "શિવ"

એકાંત છોડી, અનંતમાં ભળી,
અંદરથી શાંત બની , બહારથી રૂદ્રરૂપ ધરી,
તું શિવ બની રે!
તું શિવ બની રે!
-જયદીપ કાનાણી

શિવ જેવું કોઈ ભોળું નથી,
એટલે જ તો તેનાથી કોઈ અળગું નથી...
નથી આજની ચિંતા કે નથી કાલનો ડર,
મારી તો હર એક શ્રણ છે શિવ-શંકર...
Ankit Bhanjibhai Kuchhadiya

ગંગ-જટા,ત્રિનેત્ર,નાગ,નર મુડં,રાખડો,
ઘોર-અઘોરી રૂપ જે લાગે જોગી જાગતો.
ઊમિયાપતિ,કૈલાશ-વાસી,સ્મશાને ધૂણી રમાડતો,
નમુ હું એ સદા'શિવ'ને જે પરમ તેજથી પ્રકાશતો.
Shivam Dipakbhai Mali

પંચગંગેશ્વર સ્વરૂપે બિરાજ્યા આપ દિવ,
આવું છું તમ દ્વારે મુંજાય છે જ્યારે જીવ,
પીઉં છું રોજ હું યે હળાહળ ઝેર આ જગનું,
ચિંતા શેની? મારા રખોપા કરનારો ભોળો શિવ.
Ankita Nikhil Mulani

# મારી કલમે

# “શિવ”

શિવ ના થયા હતા સતી
મહાદેવ ના થયા મા પાર્વતી
એક રાત એવી હતી આવી
ભુત પિસાચ બન્યા હતા બારાતી
ડમક ડમ વાગ્યુ હતુ
મલગ સૌ નાચ્યા
ભભુતી લગાવીને
ભાન્ગ પણ હર હર શમ્ભુ
હતી ગાતી
Yayawargi

"શિવ""જીવ""છે ને""જીવ""શિવ છે
બસ એ જ મારા ભોલેબાબા નુ સંજીવ છે...!"
Nisha R. Parmar

અંગે ભસ્મ ગલે સર્પમાલા, શીશ પર ચંદ્રમા વહે ગંગ ધારા,
થરથર બ્રમ્હાંડ કાંપે, જો શંકર તાંડવ નાચે,
શિવત્વ માણું હું શરણ માં સમાવી લે, જીવ મટી શિવ મહીં શૂન્ય તું બનાવી દે.
Thummar Komal

મૃત્યુ છે દાસી જેની, જીવ બધાં શિવ માં સમાય છે, એવા શિવ ને મારી કલમ થી કેમ બતાવું.
ત્રીસ પન્ના, ત્રીસ પુસ્તકો માં જે ના સમાય, એ શંકર ને ત્રીસ શબ્દો માં કેમ સમાવું.
Thummar Komal

# મારી કલમે

# “શિવ”

દેહ અને આત્માનું મિલન એટલે "શિવ."
બધીજ સમસ્યાનું સમાધાન એટલે "શિવ."
મુત્યુ પછી મોક્ષનો માર્ગ એટલે "શિવ."
અસત્ય પર સત્યની જીત એટલે "શિવ."
અધર્મ નો નાશ અને ધર્મનું સર્જન એટલે "શિવ."
દેવોના દેવ મહાદેવ એટલે શિવ."
Prakash Katariya

સમુદ્રમંથન કે સમય કેવલ અમૃત હાથ નહીં લગતા.અમૃત કે સાથ વિષભી હાથ લગતા હૈ ઔર ઉસ વિષકો જો પી જાયે વહી શિવ કહેલાતા હૈ.
RAVI HIMATBHAI SASPARA

ભોળિયો, ક્યારેક તાંડવઃ કરવા વાળો.,
એજ આદિ આજે યોગી કહેવાણો...
નાચે, ક્યારેક નચાવે એજ મારો જટાળો.,
અત્ર તત્ર સર્વત્ર મારો ભાલનેત્ર વાળો...
જગતનો નાથ,ત્રિલોકનો બાપ ભૂતટોળી વાળો..
સહજ "શિવ"કઠોર વિષ ઘટઘટાવ નાળો...
Suraj A Nayee

હિમાલય ના રહેવાસી એ જટાધારી, મસ્તકે ચંદ્રમા ને ગંગા પ્રગટે, હાથે ત્રિશૂળ સોહે કંઠે વિષ ને નાગધારી,
ભસ્મ રહે સદા અંગે ચોળી અને સંગે સદા ભૂત ટોળી , કપટ સમયે નેત્ર ત્રીજું ખોલી અર્ધનારેશ્વર જેનું રૂપ એ છે નાથો ના નાથ ભોળા નાથ.
Pretti rathod

# મારી કલમે
# “શિવ”

દ્વાદર્શ જ્યોતિલિંગ માં સ્થપાયા શિવ,
સૂર્ય,ચન્દ્ર,અગ્નિરૂપી આંખો વાળા શિવ,
દેવોને અમૃત આપી પોતે પીધું વિષ,
એથી જ કહેવાયા દેવોના દેવ મહાદેવ શિવ
Vandan sandip mangroliya

સંસારના સાગરમાંથી , મળે મોતી કે છીપ;
હર હર ને પોકાર જો મુંજાય તારો જીવ,
કુબેરના ઢગલાથી તો બંધાઈ જૂઠી માયા,
ચપટી એક રાખમાં તો રીઝે મારો શિવ.
Prashant Mungra

મહાદેવ વો આદિશક્તિ હે
જીસે દેવ ભી પુજતે હે કે દાનવ ભી
પર મેરે મહાદેવ ઐસે ભોલે હે કી ના કિસી જાત દેખ તે
હે ના રૂપ વો તો સિર્ફ ઉસકી ભક્તિ કે વિશ્વાસ હી દેખતે હે...હર હર મહાદેવ
Nirav Viradiya

અદભુત છે તેમની માયા, અમરનાથ મા કરયૉ છે વાસ,
નીલા રંગ ની છે તેમની છાયા, મારા મનમાં છે તેમનો નિવાસ.
Neha rajdhar chaudhari

તારી જટામાંથી નીકળતી ગગામાં 'શિવ' લાવને એક ડુબકી લગાવું.
તન ધોવાશે, મનને કેમ ધોઈશ? જાણી હમણાં મુલતવી રાખું?!
Nakrani chetan